મિજાજ મસ્તી
સંજય છેલ
sanjay.chhel@
bombaysamachar.com

# એક શાયર-એ-આઝમઃ વક્તના હસીન સિતમનો કવિ



**ટાઇટલ્સઃ 'કળા','કવિતા' ને 'ક્લાસ'ના કોચિંગ ક્લાસ ના હોય!(છેલવાણી)**

મુંબઇમાં કોઇ ફિલ્મ નિર્માતાને ત્યાં દિવાળીની પાર્ટી ચાલી રહી હતી. ત્યાં શાયર કૈફી આઝમીએ એક શાયરને કહ્યું.''અક્ષબ તો આપ શાદી કર હી લો.'' પેલા શાયરે કહ્યું,'' હાં પર,આજકલ કહાં અચ્છી બીવીયાં મિલતી હૈ?'' કૈફીએ પાસે બેઠેલા સ્ત્રીઓના ગૃપ તરફ ઇશારો કરીને કહ્યું, ''વહાં દેખો કિતની સારી હૈ!ઢુંઢ લો કોઇ!''એ ગૃપમાં કૈફીના પત્ની શૌકત પણ હતાં. શાયરે કહ્યું ,''વહાં તો આપ કી બીવી ભી હૈ!'' કૈફીએ તરત જ કહ્યું,''તુમ તૈયાર હો તો તો અભી તલાક દે દું!'' આ કૈફી આઝમી,એ લેખક ને કવિ હતા જેમની મૃત્યુતિથિ આવતી કાલે ૧૦મી મેના રોજ આવે છે. આજકાલ યુ.પીના આઝમગઢની ઓળખ અંડરવર્ડ અને ગુનાખોરી માટે થઇ ગઇ છે પણ સાચી ઓળખ છે,શાયર કૈફી આઝમી છે જે આજે જીવતા હોત તો પૂરાં ૧૦૧ વરસના હોત! જોકે આજે કૈફીની ઓળખ શબાના આઝમીના પપ્પા અને જાવેદ અખ્તરના સસરા તરીકે થાય છે એ પાછી અલગ વાત છે.

૪૦ના દાયકામાં દેશમાં સાહિર, મજરૂ, શૈલેંદ્ર, બલરાજ સહાની કે એ અબ્બાસ, બીમલ રોય વગેરે વિચારવંત કલાકારો સાહિત્યકારોએ પ્રોગ્રેસીવ રાઇટર્સ અસોસિએશન નામે પ્રગતિવાદી કલાકારોનું ગ્રુપ બનાવેલું અને આઝાદી માટે શેરી નાટકો વગેરે કરતા. આ બધામાં કૈફીને ઉર્દૂ સાહિત્યમાં ગીતકાર સાહિર કે શૈલેંદ્ર કરતાં હંમેશાં વધુ માન મળતું કારણકે તેઓ માત્ર લવી-ડવી શાયર નહીં પણ લડાકુ કવિ હતા. જી હાં, કૈફી, આઝાદી પહેલાં બ્રિટિશ સરકાર ને ત્યાર બાદ ભારત સરકાર સામે સતત લડીને એકથી વધુ વાર જેલ પણ ગયેલા! આમ આદમી,મજૂરો કે ખેડૂતો કે શોષિતો માટે આજીવન લડતા રહ્યા.'અવામી ઇદારા' નામે સંસ્થામાં મજૂરો માટે મજૂરા હક્કો માટે ઝૂપડપટ્ટીમાં જઇને રીતસરનો સંઘર્ષ કરતા. ફૂટપાથ પર ઊભા રહીને મજૂરોમાં જાગૃતિ આવે એ માટે ચોપાનિયાં વેચતા! આપણા કોઇ કવિને આવું કરતાં કલ્પી પણ શકાય? નાસ્તિક અને લિબરલ શાયર કૈફી, સરકાર અને સ્થાપિત હિતો સામે જ નહીં પણ મુલ્લાઓ સામે પણ લડ્યા હતા. 'આવારા સજદે' નામની વિદ્રોહી કિતાબ લખેલી અને કટ્ટર લોકોનો ખોફ વહોરી લીધેલો!

નાનપણમાં કૈફીના તહસીલદાર પિતા તેમને આધુનિક શિક્ષણ આપવા માગતા હતા, પરંતુ સંબધીઓના દબાણને કારણે કૈફીને ઇસ્લામના અધ્યયન માટે લખનઉમાં દાખલ કરવામાં આવ્યા હતા. પણ ત્યાં તેમણે અળખામણા સવાલો પૂછીને હડતાળ કરી એટલે તગેડી મૂકવામાં આવેલા. પછી તો લખનઉ અને અલ્હાબાદ યુનિવર્સિટીઓમાં ઉર્દૂ,અરબી અને ફારસી ભાષાઓનો અભ્યાસ કર્યો. આ કૈફીએ સાવ ૧૧ વર્ષની ઉંમરે તેમણે પહેલી ગઝલ લખી જેને પાછળથી બેગમ અખ્તરે ગાઇ હતી. કૈફીએ ૧૨ વરસની ઉમ્મરે જ નિર્ણય લઈ લીધેલો કે ભવિષ્યમાં હું ફક્ત લેખક જ બનીશ. કૈફી, કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા અને પાર્ટીના કામથી મુંબઇ મોકલવામાં આવ્યા ત્યારે 'ઇપ્ટા' નામની નાટકી સંસ્થામાં જોડાયા. ઈપ્ટામાં જ કૈફી અનેક લેખકો સાથે ગાઢ મિત્ર બન્યા અને એમાંની જ એક હતી અભિનેત્રી શૌકત. શૌકત, મુફલિસ કવિ કૈફી કરતા વધારે પ્રતિષ્ઠિત પરિવારની હતી પણ કૈફીની કવિતાઓની ચાહક હતી. શૌકત સાથે કૈફીના લગ્ન એમના મિત્ર અને લેખક સજ્જાદ ઝહીરના ડ્રોઈંગ રૂમમાં સાવ સાદગીથી ચોરી છૂપી થયા હતા અને હનીમૂન તો પોસાય એમ જ નહોતું.

**ઇંટરવલઃ**
**તુમ ઇતના ક્યું મુસ્કુરા રહે હો**
**ક્યા ગમ હૈ જિસ કો છૂપા રહે હો?(કૈફી આઝમી)**

કૈફી અને શૌકત વચ્ચે જેટલો પ્રેમ હતો એટલો જ વિખવાદ પણ થતો. શૌકત આઝમી પોતે અભિનેત્રી હતાં અને જમાનાથી અલગ ચાલનાર સ્ત્રી હતાં. એકવાર શાયર નિદા ફાજલી સાથે કૈફી સાહિત્યની ચર્ચા કરતા હતા ને શૌકત એમાં વચ્ચે વચ્ચે ટાપસી પુરાવીને ડિસ્ટર્બ કરતા હતા. કંટાળેલા કૈફીએ રસોઇયા જોનને બોલાવીને કહ્યું,''જોન.. આજ સે મેરી કુર્સી કિચનમેં રખના.અબ સે મૈં ચુલ્હા ચૌકા સંભાલુંગા ઔર શૌકતજી, અદબ (સાહિત્ય)સંભાલેગી!'' નારીવાદી શૌકતને આ સંભળીને ગુસ્સો આવ્યો ત્યારે કૈફીએ કહ્યું,''અરે, યે મઝાક હૈ ઔર યે ના ભૂલો કિ મૈંને 'ઔરત' ઔર 'ગર્ભવતી' જૈસી રચનાએં લિખી હૈ!'' શૌકત ચૂપ થઇ ગયાં કારણ કે એ નારીવાદી કવિતાઓએ સમાજમાં આગ લગાવી હતી!

કૈફી આઝમી, 'કૌમી જંગ' મેગેઝિન માટે લખતા ને મહિને માત્ર ૪૦ રૂ. કમાતા. મુંબઇના ખેતવાડી વિસ્તારમાં એવી જગ્યાએ રહેતા હતા જ્યાં ટોઇલેટ/બાથરૂમ પણ સાર્વજનિક હતાં.અહીં જ દીકરી શબાના (આઝમી)નો જન્મ થયો હતો. જ્યારે તેમની પુત્રી શબાના શૌકતના પેટમાં હતી ત્યારે કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા તેમને ગર્ભપાત માટેનું ફરમાન આપવામાં આવ્યું હતું. એ ફરમાનનું ઉલ્લંઘન કરીને કૈફી ભૂગર્ભમાં જતા રહ્યા હતા.પાર્ટીનું એવુંય માનવું હતું કે માત્ર ચાલીસ રૂપિયાના પગારમાં તેઓ એક નવા મહેમાનની સાર સંભાળ કેવી રીતે રાખી શકશે અને કૈફીમાં કરપ્શન આવશે તો? પછી તો ફિલ્મોમાં સફળ થઇને વરસો બાદ જુહુમાં જાનકી કુટિર પાસેના નાનકડા બંગલા પર રહેવા આવ્યા, આ 'જાનકી કુટિર' એટલે એ જ પવિત્ર ભૂમિ જ્યાં આજે મુંબઇ રંગભૂમિનું અદ્‌ભુત પૃથ્વી થિયેટર આવેલ છે.

કૈફીનું ફિલ્મોમાં આવવાનું કારણ મજબૂરી હતું પણ પછી એ જ એમની ઓળખ બની ગયું. એક સમયે કૈફી માટે ઘર ચલાવવું પણ મુશ્કેલ થઈ ગયું હતું. ૧૯૫૧માં એમણે જાણીતી વિદ્રોહી ઉર્દૂ લેખિકા ઇસ્મત ચુઘતાઇના નિર્માતા-નિર્દેશક પતિ શાહિદ લતીફની ફિલ્મ માટે પહેલું ગીત લખ્યું. ત્યારબાદ તો કૈફી કુલ ૮૦ ફિલ્મો સાથે સંકળાયેલા રહ્યા હતા અને એમને ત્રણ ફિલ્મફેર એવોર્ડ કે નેશનલ એવોર્ડ પણ મળ્યા. કૈફી એ 'ગર્મ હવા' જેવી યાદગાર ફિલ્મ લખેલી જેને સત્યજિત રેએ ભારતની ૩ મહાન ફિલ્મ ગણાવી છે! કૈફીએ ૧૮૫૭ના સમયગાળા વિશે ઉર્દૂ કા આખરી મુશાયરા-આખરી શમા નામનું અત્યંત સફળ નાટક પણ લખેલું જેમાં બલરાજ સહાનીએ કામ કરેલું, જે ૬૦ વરસે હજી પણ ભજવાય છે! કૈફીએ 'અર્થ', 'હીર-રાંઝા', 'હસતે ઝખ્મ' અને 'કાગઝ કે ફૂલ' જેવી અનેક યાદગાર ફિલ્મોનાં ગીતો તો લખ્યાં જ પણ અભિનેતા રાજકુમારની 'હીર-રાંઝા' નામની સુપર-હિટ ફિલ્મના બધા જ સંવાદો શેરો-શાયરીના સ્વરૂપમાં લખેલા, વિચાર કરો આખી ફિલ્મ કવિતાના ફોર્મમાં અને આવો પ્રયોગ જગતમાં કોઇ જ ફિલ્મમેક્સ થયો નથી.

જ્યારે કૈફીની આર્થિક સ્થિતિ સારી થઈ ત્યારે ફક્ત મૉ-બ્લાંક નામની મોંઘી ફાઉન્ટન પેનથી લખતા અને એ પેનની સર્વિસ ન્યૂ યોર્કની 'ફાઉન્ટેન હૉસ્પિટલ' માં થતી હતી. આમ તો કૈફીને પદ્મશ્રી, સાહિત્ય અકાદમી એવોર્ડ અને સોવિયત ભૂમિ નેહરુ એવોર્ડથી પણ નવાજવામાં આવેલા પણ ઇનામ અકરામના બધા જ પૈસા કૈફીએ તેમના યુપીના ગામ મિઝવાનમાં શાળા, હૉસ્પિટલ, પોસ્ટ ઑફિસ ને રસ્તા બનાવવામાં ખર્ચી નાખેલા.આમ તો યુ.પી.સરકારે સુલતાનપુરથી ફુલપુર માર્ગને કૈફી માર્ગ તરીકે જાહેર કર્યો છે પણ આવા વિદ્રોહી શાયરના નામે માર્ગ બનાવવો આસાન છે પણ ત્યાં ચાલવું કઠિન છે.

**એંડ ટાઇટલ્સઃ**
**આદમઃએક શેર સંભળાવું.**
**ઇવઃમનમાં બોલી લે! ■**

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@
bombaysamachar.com

# જાતવાન માણસાઈની જરૂર

*જો પડ્યો હોય પૂરો પરસેવો*
*રૂપિયો ત્યારે દીસે છે કેવો!*
*જે સભામાં હો ઘણા વક્તા, ત્યાં*
*આપણો મુદ્દો કદી ના કહેવો...*



તમે સમજી ગયા ને?! એટલે જ હું મારી વાત રજૂ નથી કરતો, ચૂંટણીના પરિણામ ઉપર... આ વિષય ઉપર અત્યારે જે ઓછામાં ઓછા સો કરોડ મંતવ્યો મોજૂદ છે એમાંના એક બનવાનું પરવડે જ નહીં. કહેવાનું માત્ર એટલું જ હતું કે અમે જુદી વર્તણૂંક રજૂ કરતા અને આગ્રહ રાખતા સેવક છીએ, અને અમને, અમારા મતે કુશાસિત તમારા રાજ્યનું સંચાલન કરવા એક મોકો જોઇએ છે... અમારી વાત પતી ગઈ. આવું થયું હોત તો પદની ગરીમા યથાવત્ હોત, સમજવાળા સાનમાં સમજી જાત અને નહીં ભણેલા પણ આટલી ટૂંકી વાતને ગળે ઉતારી શક્યા હોત.

પ્રેમીઓ, અનિર્ણયના બંદીવાનો અને વિરોધીઓએ એક મુદ્દાના કાર્યક્રમ તરીકે હઠાગ્રહ રાખવાનો છે કે રાજ્ય અને કેન્દ્ર સરકારો કોરોનાને નીચ કક્ષાનો ધંધો ન બનવા દે અને લાગતા-વળગતા, પોતાના પક્ષના કે વિરોધ પક્ષના, નોકરો કે માલિકો દરેક હલકટોને પકડી અને આકરી સજા કરે. પછી એ વૅક્સિનના અચાનક ચાર ગણા ભાવ કરી નાખતી ખાનગી હૉસ્પિટલો હોય કે એમ્બ્યૂલન્સના દસ-પંદર ગણા ભાવ લેતા-કહેવાતા 'નાના' લોકો હોય, વૅક્સિન ઉત્પાદકોનો પોતાને પ્રાધાન્ય આપવાના મુદ્દે ઘેરો ઘાલીને બેઠેલાઓ હોય કે લૉકડાઉનના સમયમાં પોતાનો 'ધંધો' બંધ શટર રાખીને બેરોકટોક ચલાવતા અને સિસ્ટમ ગજવામાં રાખીને પંપાળતા હરામખોરો હોય. અને આપણે એકસો આડત્રીસે એકસો આડત્રીસ કરોડ લોકો આજે શપથ લઇએ કે જ્યાં સુધી એકસો આડત્રીસે એકસો આડત્રીસ કરોડ લોકો પૂરા વૅક્સિનેટ (બન્ને) ન થઈ જાય ત્યાં સુધી વૅક્સિનના પ્રવાહીનું એક ટીપું, આ દેશની ધરતી છોડશે નહીં. વાચકોમાંથી જેની જ્યાં પહોંચ હોય, જેને જે સંપર્કની જાણ હોય, જે ભાષામાં યદ્વાતદ્વા ઉપરી વર્ગ સમજતો હોય એ ભાષામાં, એ સંપર્કને, એ પહોંચ પર મારી એટલે કે આપણી આ વાત રવાના કરવાની અશ્રુભરી વિનંતી. વડા પ્રધાન એક વખત બહુ સરસ બોલ્યા હતા કે ગાંધીજીએ આઝાદીને લોકચળવળ બનાવી હતી, માટે આઝાદી આવી. એમ આપણે કોરોના નાબૂદીને લોકચળવળ બનાવવાની છે. તો નાબૂદ થશે કોરોના. અને થશે જ. જો આપણી લોકચળવળ સંપૂર્ણ શ્રદ્ધાથી ભરેલી હશે તો. હવે તો બધા બધી રીતે નવરા થઈ ગયા છેઃ ગંજાવર ચૂંટણી સભાઓથી, ક્રિકેટ મેચોથી, વિજય સરઘસોથી, ધાર્મિક આયોજનોથી, પછાડવા-પાડવાની પેંતરાબાજીથી... હવે તો લોકકલ્યાણ વિશે વિચારો....!!! નહીં બચે લોકો તો કોના ઉપર તમે રાજ કરવાના?




★★★

કેવિન કાર્ટર યાદ છે? હા એ જ એ જ. સાઉથ આફ્રિકાનો ૩૩ વર્ષનો આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ફોટો જર્નાલિસ્ટ જેને 'ધ વલ્ચર ઍન્ડ ધ લિટલ ગર્લ' શિર્ષકવાળા ફોટોગ્રાફ બદલ પુલિત્ઝર પ્રાઇઝ મળ્યું અને અઠવાડિયામાં એણે આત્મહત્યા કરી. સુદાનના ૧૯૯૩ના કારમા દુકાળ વખતે, એક કૃષકાય સાવ પાતળી દુર્બળ નાનકડી છોકરી ઉજ્જળ જમીન પર ઉઘળી બેઠી છે અને એનાથી ૮ ફૂટ છેટે બેઠું છે એક ગીધ શિકારની રાહ જોતું. કેવિન કાર્ટરે આ દૃશ્ય 'આબેહુબ' એના કેમેરામાં ઝડપી લીધું, ઍવોર્ડ મેળવ્યો અને શરૂ થઈ એની ભવ્ય ઉજવણીઓની પરંપરાગત પાર્ટીઓ, સન્માન સમારંભો, ઇનામ-અકરામ વિધીઓ. એવી જ એક પાર્ટી ચાલી રહી છે, છોળો ઉડી રહી છે, બરાબર એ જ સમયમાં ઇન્ટરવ્યૂ માટે કેવિન કાર્ટરને ફોન આવે છે. સવાલ પૂછાય છે કે પછી અંતે એ છોકરીનું શું થયું? કાર્ટર જવાબ આપે છે કે એને ખબર નથી કારણકે એને તરત જ ફલાઇટ પકડવાની ઉતાવળ હતી. બીજો સવાલ પૂછાય છે : ગીધ કુલ કેટલાં હતાં? કાર્ટર કહે છે કે એના માનવા પ્રમાણે એક જ હતું. ફોનની સામે બાજુએથી ઇન્ટરવ્યુ લેનાર કહે છેઃ હું કહું છું એ દિવસે બે ગીધ હતાં, એમાંના એક પાસે કેમેરા હતો... કાર્ટરે, ફોટોગ્રાફી અને જર્નાલિઝમની દુનિયાનાં જાતવાન અશ્વએ તરત જ આત્મહત્યા કરી નાખી, એ પીડનથી કે અડધો માઇલ દૂરના યુનોના કેમ્પમાં લઇ જઇને છોકરીને બચાવી શકાઈ હોત...

આજે ૨૭ વર્ષ પછી, ગીધો આખા ભારતમાં ખભે કેમેરા લટકાવીને તસ્વીરો લઈ રહ્યાં છે/ ફોરવર્ડ કરી રહ્યાં છે / ઓનલાઇન વેચી રહ્યાં છે / સમાચારો પેદા કરી રહ્યા છે/ ટીઆરપી વધારી રહ્યા છે / ચિતા પર પેટ્રોલ છાંટી 'બ્રેકિંગ ન્યુઝ' જન્માવી રહ્યા છે, મૃત્યુ આંકની ઐસી તૈસી કરીને...

આપણે આપણા ફોન ઉપરથી આવા સમાચાર, ફોટોગ્રાફ્સ ડીલીટ તો કરી જ શકીએ છીએ...

*જરૂરી તો નથી રહું પ્રાર્થનામય, અને તારું જ કાયમ નામ આવે*
*જરૂરી છે તો કેવળ એટલું કે જીવન મારું બીજાને કામ આવે*
આજે આટલું જ.... ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@
bombaysamachar.com

# મક્કમ મનોબળ હોય તો કોઈ પણ તકલીફમાંથી બહાર આવવાનું સહેલું બની જતું હોય છે




વર્તમાન સમયમાં મોટા ભાગના લોકો કોરોનાના ખોફ હેઠળ જીવી રહ્યા છે, પણ આવી સ્થિતિમાં એવા કિસ્સાઓ જોવા મળી રહ્યા છે કે જેમની ખૂબ મોટી ઉંમર હોય અને એમાંના કેટલાક દર્દીઓને ય વળી ગંભીર અને વર્ષો જૂની બીમારી હોય એટલે તેમના જીવ સામે તો મોટું જોખમ થઈ જાય, પરંતુ એવા દર્દીઓ કોરોના વાઈરસના આક્રમણ સામે ટકી જાય એવા કિસ્સાઓ જાણવા મળે ત્યારે તેમના મનોબળને અને તેમની જિજીવિષાને સલામ કરવાનું મન થાય. તમે પણ એવા ઘણા કિસ્સાઓ સાંભળ્યા કે જોયા હશે, જેમાં કોરોનાના કે કૅન્સરના દર્દીઓ મુત્યુને હાથતાળી દઈને પાછા ફર્યા હોય. આવા થોડા કિસ્સાઓ વાચકો સામે મૂકવા છે.

આવો જ એક કિસ્સો રાજકોટના ૯૪ વર્ષીય માવજીભાઈ ઘેલાણીનો છે. માવજીભાઈના આખા કુટુંબનો કોરોના ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હતો. માવજીભાઈ તેમના પુત્ર અને પુત્રવધૂ, પૌત્ર અને પૌત્રની પત્ની અને પૌત્રના નવજાત બાળક સહિતનો કોવિડ ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હતો.

કુટુંબના બધા સભ્યો ડરી ગયા હતા. અને તેમને સ્વાભાવિક રીતે સૌથી વધુ ડર મોટી ઉંમરના દાદાનો લાગતો હતો, પરંતુ ૯૪ વર્ષના માવજીભાઈનું મનોબળ મક્કમ હતું. તેઓ ૯૪ વર્ષે પણ કોઈના ય સહારા વિના ચાલી શકે છે. પોતાના કામ જાતે જ કરે છે. તેમણે કહ્યું કે મારે હજી સો વર્ષ જીવવું છે એટલે મને કંઈ પણ નહિ થાય. હું આ રોગમાંથી સાજો થઈને બહાર આવીશ. તેમની તબિયત વધુ કથળી એટલે તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

માવજીભાઈ હૉસ્પિટલમાં દાખલ તો થયા, પણ ત્યાં તેઓ દરરોજ જાતે જ સ્નાન કરતા અને નવા કપડાં પહેરતા અને ત્યાં હૉસ્પિટલમાં દાખલ થયેલા અન્ય દર્દીઓમાં પણ ઉત્સાહનો સંચાર કરતા હતા. તેઓ બીજા દર્દીઓને કહેતા હતા કે તમે મનથી સ્વસ્થ રહેશો તો આ રોગમાંથી બહાર નીકળશો. તેમને રોજ ઘરેથી હોસ્પિટલમાં ટિફિન મોકલાતું હતું. તેમણે ઘરના સભ્યોને કહ્યું કે ટિફિનમાં વધુ ખોરાક મોકલજો. પોતાના ટિફિનમાંથી તેઓ તેમના વૉર્ડના અન્ય દર્દીઓને જમાડતા. તેમને વાંચનનો શોખ હતો એટલે તેમણે હોસ્પિટલમાં પણ સતત વાંચન ચાલુ રાખ્યું હતું. તેમના પુત્રને વૅન્ટિલેટર પર મૂકવાની જરૂર પડી હતી, પણ માવજીભાઈને વૅન્ટિલેટર પર મૂકવાની ય જરૂર ન પડી. તેમણે તેમના કુટુંબના સભ્યોને કહ્યું હતું કે 'જો આપણું મનોબળ મક્કમ હશે તો ગમે એવી તકલીફમાંથી પણ બહાર આવી શકીશું.' અને ઘરના તમામ સભ્યો પહેલાં તેઓ સાજા થઈને ઘરે આવી ગયા.

આવો જ કિસ્સો પડધરીના તામ્રપર્ણી મહેતાનો છે. ૮૩ વર્ષીય તામ્રપર્ણી મહેતાનો અને તેમનાં કુટુંબનાં તમામ સભ્યોનો કોવિડ ટેસ્ટ પૉઝિટિવ આવ્યો. સ્વાભાવિક રીતે તેમના કુટુંબના સભ્યોને ટેન્શન થઈ ગયું હતું કે આટલી મોટી ઉંમર હોવાને કારણે તેમના માટે રિકવરી બહુ મુશ્કેલ સાબિત થશે. એક તો તામ્રપર્ણીબેનની બહુ મોટી ઉંમર. વળી તેમને બ્લડપ્રેશરની બીમારી છે, ડાયાબિટીસની બીમારી છે, તેમના પર બાયપાસ સર્જરી થઈ ચૂકી છે અને અન્ય ઓપરેશન્સ પણ તેમનાં શરીર પર થયેલાં છે. તેમનો કોવિડ ટેસ્ટ પૉઝિટિવ આવ્યો ત્યારે એ પછી ખબર પડી કે તેમનાં ફેફસાના ૪૦ ટકા હિસ્સાને નુકસાન થઈ ચૂક્યું છે. તેમના સાત સભ્યોના પરિવારમાં પાંચ સભ્યોના કોવિડ-૧૯ના ટેસ્ટ પૉઝિટિવ આવ્યા હતા. તામ્રપર્ણીબેનને પોતાને કોવિડ થયો હોવા છતાં તેઓ પરિવારના બીજા સભ્યોને હિંમત આપતાં હતાં કે આપણે કોઈપણ હિસાબે હિંમત હારવાની નથી અને આમાંથી આપણે બહાર આવીશું જ. તેમની તબિયત અને અગાઉ થયેલા અનેક ઓપરેશન્સને કારણે તેમને કોરોના લાગુ ન પડે એ માટે તેમનાં પરિવારે ખૂબ કાળજી રાખી હતી, પરંતુ તેમનાં પરિવારનાં અન્ય સભ્યોને કોરોના લાગુ પડ્યો એટલે તેઓ પણ કોવિડ પોઝિટિવ આવ્યા હતાં. જો કે, સકારાત્મક વિચારસરણીને કારણે તામ્રપર્ણી મહેતા ૮૩ વર્ષની ઉંમર અને અનેક શારીરિક તકલીફો હોવા છતાં કોરોના સામે જીત મેળવીને સ્વસ્થ થઈ ગયા.

આવો જ કિસ્સો મુંબઈના ૮૨ વર્ષીય વસુબેન માણેકનો છે. વસુબેનના આખા કુટુંબને કોરોના લાગુ (જુઓ પાનું ૬) ▶▶

દિલની વાત
દિનેશ દેસાઈ
feedback@
bombaysamachar.com

# સંબંધ એટલે ટેકો, ખભો, હૂંફ, સાથ, સમર્પણ અને ઘણું બધું



અંગ્રેજી ફિલ્મોની અભિનેત્રી સોફિયા લોરેન (જન્મ-૧૯૩૪)એ એક વાર કહ્યું હતું કે કોઈ પણ સંબંધ એ કોઈ રમતગમત નથી કે જેમાં અધવચ્ચે બાજી અધુરી મૂકી શકાય. કદાચ રમત કોઈ કારણસર અધવચ્ચેથી છોડી પણ શકાય. પરંતુ સંબંધમાં આમ કરી શકાય નહીં.

સોફિયા લોરેનની જીવન પ્રત્યેની ફિલોસોફી એવી રહી છે કે જીવનને ભરપુર માણવું જોઈએ. માત્ર ૧૪ વર્ષની કિશોરવયે તેણે સૌંદર્ય સ્પર્ધામાં ભાગ લીધો અને તેનું લાવણ્યમય સૌંદર્ય સૌને મોહી ગયું. એ પછીનો ઈતિહાસ જાણીતો છે કે તેના માટે ફિલ્મોના દ્વાર ખુલી ગયા.

સોફિયાએ કહ્યું છે એમ કોઈ પણ સંબંધ અધવચ્ચેથી છોડી શકાતો નથી. જો આમ કરવામાં આવે તો આવા અકસ્માતમાં ઘા નહીં, પરંતુ ઉઝરડા પડે છે, જે જીવનભર રુઝાતા નથી. ઘા હોય તો એ વખત જતા ભરાઈ જાય. ઘા સૌને દેખાય પણ ખરા. ઉઝરડાનું તો એવું છે કે એ જલદી ના દેખાય, બધાને ના દેખાય.

સંબંધ એટલે શું? સંબંધ એટલે ટેકો, ખભો, હૂંફ, સાથ, સમર્પણ અને ઘણું બધું. સંબંધ એટલે માત્ર સ્ત્રી-પુરુષ યા પતિ-પત્ની યા પ્રિય અને પ્રિયાનો જ સંબંધ એવું નહીં. સંબંધ બે મિત્રોનો હોય, પિતા અને દીકરા વચ્ચેનો હોય, મા અને દીકરાનો સંબંધ, કાકા અને ભત્રીજાનો સંબંધ પણ હોય.

સમાજમાં સંબંધ હજાર પ્રકારના હોઈ શકે. કોઈ સંબંધ જન્મના કારણે લોહીની સગાઈથી બને છે તો કોઈ સંબંધ કોઈ પણ જાતની આવી લોહીની સગાઈ વિના કે કોઈ જ પરિચય યા ઓળખાણ વિના ક્ષણભરમાં પણ બને છે. આપણી ભાષામાં સગાં-વહાલાં એવો શબ્દ આ જ કારણે પ્રચલનમાં આવ્યો હોઈ શકે.

સગાં એટલે જન્મ સાથે લોહીની સગાઈથી બંધાતા સંબંધો. વહાલાં એટલે કોઈ જન્મજાત સગાઈ વિના અનાયાસે બંધાયેલા સંબંધોનું વહાલ એટલે કે એવા લોકો કે જે વહાલાં બની જાય છે. સાથ ક્યાં સુધી રાહમાં રહેવાનો છે, એની કોઈને ખબર હોતી નથી. આ સંજોગો વિશ્વાસ અને ભરોસાના હોય છે.

કોઈનું કાચનું વાસણ તોડી નાખવામાં આવે તો થોડો અવાજ આવે છે, નુકસાન થાય છે પછી બધું શાંત અથવા પૂર્વવત્ થઈ જાય છે. સંબંધ તૂટે ત્યારે અવાજ નથી આવતો પણ એના ઉઝરડા હૃદયને છેદી કાઢે છે. આવા જખમ પછી જિંદગીભર ભરાતા નથી કે એમાં રુઝ પણ આવતી નથી.

સંબંધ એટલે? એમાં ટેકો, ખભો, હૂંફ, સાથ, સમર્પણ સહિતના ઘણા પરિમાણ સમાયેલાં છે. એની પણ વાત કરીએ. ટેકોઃ જ્યારે કોઈ સરસ રીતે ચાલી કે દોડી શકે છે ત્યારે આપણે તે વ્યક્તિને હાથનો ટેકો આપવો પડતો નથી. પરંતુ વિપરીત સંજોગોમાં આપણી સાથે સંબંધથી જોડાયેલી વ્યક્તિની આંખો આપણા ટેકાની અપેક્ષાથી આપણા તરફ મંડાય ત્યારે આપણો હાથ ટેકો આપવા માટે લંબાય તેનું નામ સંબંધની સાર્થકતા.

એ જ રીતે ખભાની વાત કરીએ. ખભોઃ આપણે જોયું છે કે કન્યાવિદાય ટાણે દીકરી પોતાના પિતાના ખભે પોતાનું માથું મૂકી દે છે અને નિરાંતે રડી લે છે. દીકરીને ખબર છે કે બાપ પોતાની પીઠ ઉપર હાથ ફેરવીને સાંત્વના અચુક આપવાના છે. દરેક સંબંધમાં એકમેકનો ખભો કીમતી હોય છે. ખભો આપવાની વેળાએ પીઠ ફેરવી દેનાર વ્યક્તિ આખરે સંબંધ નામની જણસ ગુમાવી બેસે છે.

હૂંફ પણ દરેક સંબંધમાં મહત્ત્વની છે. હૂંફ, જે એકમેકને જરૂરી પ્રાણવાયુ પૂરો પાડે છે. એ હૂંફના કારણે જ તો બે વ્યક્તિનો સંબંધ પણ જીવી જાય છે. સંબંધમાં સાથ આપવાની વાત પણ કરીએ. સંબંધમાં એકમેકના સાથનું અને એકમેકના સહકારનું પણ મહત્ત્વ ખરું.

બે વ્યક્તિ એકમેકનો આદર કરતી હોય એ જ પ્રમાણે એકમેકના વિચારોનો અને પરસ્પરની ખામીઓ તથા ખુબીઓનો પણ સ્વીકાર કરતી હોય. જ્યારે કપરા સંજોગો કે ખરાબ સમય આવે ત્યારે જે આવશ્યક હોય તે સાથ આપવો એનું નામ જ સંબંધ. અન્યથા સંબંધનો કોઈ જ અર્થ સરતો નથી.

સંબંધમાં અત્યંત મહત્ત્વનું પરિબળ છે સમર્પણ. સમર્પણ જ બે વ્યક્તિને પ્રથમથી અંત સુધી એક સાથે અને જોડાયેલા રાખે છે. સંબંધમાં આપવા અને લેવાનો વ્યવહાર હોવો જોઈએ નહીં. કશુંક પ્રાપ્ત કરવાની કે મેળવી લેવાની ભાવના નહીં અને ઉપરથી આપવાનો આનંદ પામીને તૃપ્ત થવાની ક્ષણોનો સરવાળો એટલે સંબંધમાં સમર્પણ.

કોઈ પણ સંબંધમાં કશુંક મેળવવા માટેની ગણતરીઓ માંડીને સંબંધ પાસે અપેક્ષા રાખી હોય ત્યારે અપેક્ષા પૂરી ન થાય તે સંજોગો માનવીને ફક્ત દુઃખ જ આપે છે. એમાં વાંક અપેક્ષા પૂરી નહીં કરનાર વ્યક્તિનો નથી, વાંક તો અપેક્ષા રાખનાર વ્યક્તિનો ગણાય. શરતોના આધારે તો સોદાબાજી અને વેપાર થઈ શકે, સંબંધમાં કોઈ શરતો-પૂર્વશરતો, સોદાબાજી કે આપવા-લેવાની અપેક્ષાઓને કોઈ સ્થાન ન હોઈ શકે.

જો અપેક્ષાઓ વધી જાય તો તેના ભારથી જ સંબંધ તૂટવાની અણી ઉપર આવી જતો હોય છે. સંબંધ હંમેશાં લીલોછમ અને તાજગીપ્રદ રાખવો જોઈએ. કારણ કે સૂકા વૃક્ષો જોવાનું કોઈને ગમતું નથી. એકમેક સાથે જોડાયેલો રહે એ જ સંબંધનું સાર્થક્ય. ■